**<u>મહે.ચોથા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુકામ–અંકલેશ્વર.</u>**

**<u>ફોજદારી કેસ નં.૩૦૯૩/૨૦૨૨</u>**

આંક–

ફરીયાદી : શ્રી સરકાર

:: વિરૂધ્ધ ::

આરોપી: ૨. મનોજભાઈ સોમાભાઈ મૈસુરીયા
રહે. ઓલપાડ નિહોરા નગર તા.ઓલપાડ
૫. રીયાઝ ઉર્ફે સલમાન શબ્બીર આરબ
રહે. કોસંબા આમોદ તા. માંગરોળ જી.સુરત
૬. સરફરાજ ઉર્ફે લેપટોપ યાકુબ શેખ
રહે. કોસંબા આમોદ તા. માંગરોળ જી.સુરત
૭. હનીફ અબીબ પઠાણ
રહે. અંબિકાનગર તા. હાંસોટ જી.ભરૂચ

**<u>ગુન્હો :–</u>** જુગાર ધારાની કલમ – ૧૨ મુજબ.

**<u>–: કબુલાત ઠરાવ :–</u>**

(૧) આ કામે ફરીયાદીની ફરીયાદના આધારે ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર તરફથી તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ – ૧૨ મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે.

(૨) આરોપીઓ તર્ફે પોતાની ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોય, હાલના આરોપીઓને પોલિસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી અને આરોપીઓની પ્લી નોંધવામાં આવી, જેમાં આરોપીએ પોતાની સ્વેચ્છીક ગુના કબુલાત આપી, પોતે પોતાની પરનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. વધુમાં આરોપી જણાવે છે કે પોતાનો પ્રથમ ગુનો છે, ભુલથી ગુનો થયેલ છે, ગુના બદલ પસ્તાવો મહેસુસ કરે છે, ગરીબ માણસ છે અને હવે ફરીથી આવો ગુનો નહિ કરે તેવુ જણાવી પોતાની પર રહેમ નજર રાખવા જણાવેલ છે.

(૩) એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વિ.વ.શ્રીને સાંભળ્યા. આરોપીઓની સ્વેચ્છિક ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોય, આરોપીઓને તેના ગુના અંગેની સજાની સમજણ કરવામાં આવેલ છે. આ કામે આરોપીઓ સ્વેચ્છિક ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોય આરોપીઓની સ્વેચ્છિક ગુના કબુલાતને નહિ માનવાને કોઈ કારણ નથી. આરોપીઓની સ્વેચ્છિક ગુના કબુલાત, તેની ઉંમર, આર્થિક તથા શારીરિક પરિસ્થિતિ તથા દયાની માંગણી ધ્યાનમાં રાખી આરોપીઓને આ ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ - ૨૫૨ અન્વયે આરોપીઓને જુગાર ધારાની કલમ - ૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓને રૂ.૫૦૦/- લેખે કુલ રૂ. ૨,૦૦૦/- (અંકે રૂ.બે હજાર પુરા) દંડની સજા નો હુકમ કરવામાં આવે છે, જો આરોપીઓ દંડ ન ભરે તો દિન-૩ (ત્રણ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતી માં જણાવેલ મુદ્દામાલ મોબાઈલ/ વાહન અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામા આવે છે અને હુકમ થયેલ ન હોય તો તોન ખરા માલિકની ખાત્રી કરી મુદામાલ મોબાઈલ /વાહન અપીલ સમય બાદ પરત કરવો. તથા અન્ય મુદામાલ આરોપીઓ કલેઈમ કરતાં ન હોય મુદ્દામાલ રોકડ રકમ સિવાયનો મુદામાલનો સરકારશ્રીના નિયમો અનુસાર જાહેર હરાજી કરી જેમાંથી ઉપજેલા નાણાં શ્રી સરકાર ખાતે જમા કરાવવા તથા મુદ્દામાલ રોકડ રકમ શ્રી સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે બાકીના મુદ્દામાલનો અપીલ પીરીયડ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી  અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–અંકલેશ્વર
તા.૩૧/૦૭/૨૦૨૪

(યોગીની ભીખાભાઈ્પટેલ)
ત્રીજા એડી. ચીફ જ્યુડી. મેજી.
અંકલેશ્વર
જી.જે.૦૧૨૨૩